# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# FOOD AND DRUGS

તમામ હોસ્પિટલોની ઇન હાઉસ મેડીકલ સ્ટોરના સંચાલકોને આ હોસ્પિટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી ” તેવા સાઈન બોર્ડ લગાવવા પડશે.

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડોક્ટર હેમંત કોશિયાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકો ને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત અને યોગ્ય ભાવે મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. ત્યારે ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ હોસ્પિટલના જ મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવા દર્દીઓને ફરજ પાડી શકશે નહીં..

**(બાઇટ- ડો. હેમંત કોશિયા- ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નર)**

# KHYATI HOSPITAL CASE UPDATE

અમદાવાદના ખ્યાતિ હોસ્પિટલના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. આ કેસની આરોપી રાજશ્રી કોઠારીની અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે રાજસ્થાનથી ધરપકડ કરી  હતી.. ખ્યાતિ હોસ્પિટલમાં મેડિકલ કેમ્પના નામે લોકોને બોલાવીને તેમના પરવાનગી વિના ઓપરેશન કરાતા બે વ્યક્તિઓના મોત થયા હતા.. આ કેસમાં અત્યાર સુધીમાં આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે..

ગત પાંચમી ડિસેમ્બરે રાજશ્રી કોઠારીની આગોતરા જામીન અરજી અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી દીધી હતી.. રાજશ્રી કોઠારી પણ ખ્યાતિ હોસ્પિટલમાં ડિરેક્ટર પદ ઉપર છે. હવે આ કેસમાં આરોપી  કાર્તિક

પટેલની ધરપકડ કરવાની બાકી છે. જોકે કાર્તિક પટેલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે જે હજુ પડતર છે..

# GUJ. TERA TUJKO ARPAN

"તેરા તુજ કો અર્પણ"ના બે વર્ષમાં બે હજાર ૮૦૨ કાર્યક્રમો યોજી ગુજરાત પોલીસે ૧૮૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો. મંદિર ચોરીના ૬૫ ગુનાઓ ઉકેલીને ૧૩૦ આરોપીઓને પકડવામાં આવ્યા તેમજ ૧ કરોડ ૫૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કરવામાં પોલીસને સફળતા મળી હતી.

પોતાની ચોરાયેલી-ખોવાયેલી કે રિકવર/કબજે કરેલી ચિજવસ્તુ પરત મેળવવા મૂળ માલિકોએ હવે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા નથી પડતા. આ કાર્યક્રમ અંતર્ગત લોકો માટે જાહેર કાર્યક્રમ-લોક દરબાર યોજીને મૂળ માલિકોને તેમનો મુદ્દામાલ પરત કરવામાં આવી રહ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# BHAVNAGAR MANSUKH MANDVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે ભાવનગરના પ્રવાસે આવશે.. ભાવનગર શહેરના લોકોની સુખાકારી માટે ૧૪૯ કરોડ રૂપિયાથી વધુના ૧૧ જેટલા વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને બે  કરોડ રૂપિયાના એક કામનું લોકાર્પણ કરાશે.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયા ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ ખાતે ભાવનગર મહાનગરપાલિકાના લોકાર્પણ-ખાતમુર્હૂત કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ બપોરે તેઓ પી.એમ.એસ.એસ.વાય. સર. ટી. હોસ્પિટલની મુલાકાત લઇ ગ્રેઈન એ.ટી.એમ.ની મુલાકાત લેશે.

# Mehsana National Level Gold Medal

અગરતલા ત્રિપુરા ખાતે રાષ્ટ્રીય કક્ષાની અડર 17 બહેનોની સ્પર્ધા યોજાઈ હતી.

જેમાં મહેસાણા જિલ્લાના વિસનગરની નૂતન સર્વ વિદ્યાલયમાં ધોરણ. 11 માં અભ્યાસ કરતી ધ્રુવી ચૌધરીએ 52 કિલોગ્રામ જુડોની સ્પર્ધામાં જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમે રહીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. જેમાં 29 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ધ્રુવી ચૌધરીએ અગાઉ જુડોની સ્પર્ધામાં 3 સુવર્ણ ચંદ્રક, 1 રજત અને 1 કાંસ્ય ચંદ્રક, તેમજ રાજ્યકક્ષાએ પણ ચંદ્રકો મેળવ્યા છે.

# KUTCH ELECTION

કચ્છ સહિત રાજ્યમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઇને તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. તાજેતરમાં હાથ ધરાયેલી ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા ઝુંબેશનો કચ્છમાં 24 હજાર 246 લોકોએ લાભ લીધો હતો..

જેમાં 18, 19 વર્ષના 6 હજાર 171 યુવાનોએ નામ નોંધણી કરાવીને આગામી ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. તાજેતરમાં હાથ ધરાયેલી મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન વિધાનસભા મત ક્ષેત્ર મુજબ વિવિધ સુધારા માટે ફોર્મ ભરાયા હતા. જેમાં મતદારયાદીમાં નામ નોંધણી માટે ફોર્મ નં.6 અબડાસામાં  બે હજાર 233, માંડવી  બે હજાર 476, ભુજ  બે હજાર 483, અંજાર  બે હજાર સાત, ગાંધીધામ  બે હજાર 104 અને રાપરમાં એક હજાર 668 મળી કુલ 12 હજાર 971 ફોર્મ ભરાયા હતા, જેમાં 18-19 વર્ષના 6 હજાર 171 મતદારોનો સમાવેશ થાય છે.

# GNLU TALIM

ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે ભારતીય સશસ્ત્ર દળોના અધિકારીઓ માટે સ્પેસ લો ના વિષયમાં પાંચ સપ્તાહના તાલીમ કાર્યક્રમનું આજે સમાપન થયું હતું..

ભારતની અવકાશ-યુદ્ધ અને સેટેલાઇટ ઇન્ટેલિજન્સ એસેટનું સંચાલન કરતી ભારતીય સશસ્ત્ર દળોની ત્રણેય પાંખોની સંકલિત એજન્સી એવી ડિફેન્સ સ્પેસ એજન્સી અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી વચ્ચેના એમઓયુ અંતર્ગત આ બીજો તાલીમ કાર્યક્રમ હતો. પાંચ

સપ્તાહના આ નિવાસી કાર્યક્રમમાં ભારતીય ભૂમિ સેના અને ભારતીય હવાઈ દળના દસ વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.